
# બનાસકાંઠા જિલ્લો જાણે કે કૌભાંડ માટેનું હબ

## આરટીઓમાં ૫ લોકોના બનાવટી લાયસન્સ ઝડપાયા : આરટીઓ અધિકારીએ પોલીસ ફરિયાદ નોધાવતા ખળભળાટ

પાલનપુર, તા. ૯

બનાસકાંઠા જીલ્લો જાણે કે કૌભાંડ માટે નું હબ બનતું હોય તેવા એક પછી એક બનાવો પ્રકાશ માં આવતા જાય છે.એક તરફ સામાન્ય માનવી ને લાયસન્સ માટે દિવસો સુધી લાઈન માં રાહ જોવી પડતી હોય છે ત્યારે બનાસકાંઠા માં આર ટી ઓ માં આજે એક સાથે ૫ લોકો ના બનાવટી લાયસન્સ મળી આવતા ખળભરાટ સર્જાવા પામ્યો છે જેમાં આરટીઓ દ્વારા પાલનપુર પોલીસ મથકે બેલ નામની એજન્સી સામે ફરિયાદ પણ નોધાઈ છે. ખોટા ડોક્યુમેન્ટ અને બનાવટી દસ્તાવેજ ને આધારે ૫ જેટલા લોકો સામે ફરિયાદ થવા પામી છે જો કે આ અગાઉ પહેલા પણ બોગસ લાયસન્સના મુદ્દે પોલીસ ફરિયાદ નોધાવાઈ હતી જો કે તેનો નિર્ણય



બાકી છે ત્યારે આજે વધુ એક વાર બનાવટી દસ્તાવેજ નાં આધારે બોગસ લાયસન્સ ઝડપાયા છે ત્યારે તંત્ર આવનારા સમય માં આ મુદ્દે કેટલું જાગૃત થશે એ તો સમય જ બતાવશજ.

આજે આ મુદ્દે કે કે પટેલે બેલ કંપની ના સુપરવાઈઝર સમીર શુક્લા અને અજય ગહેલોત,કિશોર પ્રજાપતિ,અનિરુધ્ધ સિસોદિયા સામે પાલનપુર પોલીસ મથકે પોલીસ ફરિયાદ નોધાઈ છે જેમાં ખાસ કરી ને ખોટા પાસવર્ડ તેમજ બનાવટી દસ્તાવેજના આધારે બોગસ લાયસન્સ બનાવ્યાનું ખુલતા એક સમય માટે ખુદ આરટીઓ અધિકારી પણ અચંબામાં મુકાયા હતા જો કે આજે પોલીસ ફરિયાદ થતા અગાઉની પણ વિગતો ખુલે તેવી સંભાવના સેવાઈ રહી છે.

# ધાનેરા નગરપાલિકાના પાપે બે ગાયના મોત

## ગૌસેવક સહીત ગ્રામજનોએ પાલિકા સામે ફિટકાર વરસાવ્યો : મીડિયાની ટીમ ઘટના સ્થળે પહોચતા નગરપાલિકાનું તંત્ર દોડતુ થયુ

પાલનપુર, તા. ૯

બનાસકાંઠા જીલ્લા ની ધાનેરા નગરપાલિકા ના પાપે બે અબોલ પશુ ના મોત નીપજતા ગૌસેવકો માંથી પસાર થતી બે ગાય ના કરુણ મોત નીપજય હતા અને ગાય ના મોત ના પગલે ગૌસેવકો સહીત ગ્રામજનો માં ભારે શોક ની લાગણી જોવા મળી હતી



સહીત ગ્રામજનોએ પણ આવી નગરપાલિકા ફિટકાર વરસાવ્યો હતો તો બીજી તરફ મીડિયાની ટીમ ઘટના સ્થળે પહોચતા પાલિકા તંત્ર દોડતું થયું અને કામે લાગી ગયું હતું

બનાસકાંઠા ની ધાનેરા નગરપાલિકા દ્વરા ખેતલા બાપજી ના મંદિર પાસે પાણી નો બનાવામાં આવ્યો છે અને બોર બનાવતી વખતે જે પાણી કીચડ બહાર નીકળવામાં આવ્યું તે જાહેર રસ્તા પર ફેકતા રસ્તા પાણી થી ઉભરાવવા લાગ્યા હતા અને રસ્તા તળાવ બની ગયા હતા ગઈ કાલે પણ એક ગાય આ પાણી માં પડી જતા ગૌસેવકો દ્વરા તાત્કાલિક ઘટના સ્થળે આવી ગાય ને બચાવી લેવા માં આવી હતી પરંતુ આજે આ પાણી વીજ કરંત પ્રસરી જતા પાણી સમગ્ર ઘટના ની જાણ ગૌસેવકો દ્વરા મીડિયા ને કરતા મીડિયા ની ટીમ પણ તાત્કાલિક ઘટના સ્થળે પહોચી જતા ધાનેરા નગરપાલિકા નું તંત્ર દોડતુ થયું હતુ અને ફટાફટ સફાઈ ના કામે લાગી ગયું હતું તો બીજી તરફ ગૌસેવકો નો રોષ પણ ભભૂકવા લાગ્યો હતો અને જણાવ્યું હતું કે પાલિકા ના પાપે બે ગાયો મોતને ભેટી છે

નગરપાલિકા ની ગંભીર બેદરકારી કેમેરા સામે પણ તમે જોઈ શકો છે બે ગાય ના મોત બાદ પાલિકા નું તંત્ર આળશ મરડી જાગ્યું છે અને કામે લાગ્યું છે પણ જો ગાય ના બદલે કોઈ લોકો આ પાણી માંથી પસાર થતા કોઈ જાનહાની સર્જાઈ હોત તો તેના માટે જવાબદાર કોણા ..?

# વીજ ચેકીંગમાં ગયેલી ટીમ પર કુંડલા ગામે હુમલો

હિંમતનગર, તા. ૯

સાબરકાંઠા જીલ્લાના વિજયનગર તાલુકાના કુંડલા ગામે બુધવારે સવારે વીજ ચેકીંગ માટે ગયેલા ચોરીવાડ સબ ડીવીઝનના નાયબ ઈજનેર, જુનિયર ઈજનેર અને હેલ્પરોની ટીમે મકાન માલિક સ્ત્રી અને અન્ય બે પુરૂષોએ ગેરકાયદેસર વીજ જોડાણ અંગે તાકીદ કરતા વીજ કંપનીની ટીમને લાકડીથી માર મારી ફરજમાં રૂકાવટ કરી જાનથી મારી નાખવાની ધમકી આપતા નાયબ ઈજનેરે ત્રણ વ્યકિત વિરૂધ્ધ વિજયનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

આ અંગે ચોરીવાડ સબ ડીવીઝનલ નાયબ ઈજનેર ઉત્તર ગુજરાત વીજ કંપની ભરતસિંહ લક્ષ્મણસિંહ મકવાણા (મૂળ રહેવાસી ગીતાબા સોસાયટી, ઘાટલોડીયા, અમદાવાદ, હાલ. ચોરીવાડ) તથા જુનિયર ઈજનેર બી.ડી.ગડસા, હેલ્પર એ.એમ.પ્રજાપતિ, ડી.જે.પટેલ, ડી.કે.પંચાલ અને એમ.એ.રાઠોડ સાથે બુધવારે વીજ ચેકીંગ માટે સવારે ૮ વાગ્યાના સુમારે વિજયનગર તાલુકાના કુંડલા ગામે એક મકાનની તપાસ કરી હતી. જયાં મકાન માલિકે વીજ જોડાણ ગેરકાયદેસર રીતે કરેલુ જણાયુ હતું. જે અંગે નાયબ ઈજનેર ભરતસિંહ મકવાણા કાયદેસરની કાર્યવાહી કરવા મકાન માલિક બહેનને જણાવતા મકાન માલિક બહેન અને અન્ય બે પુરૂષો એકદમ ઉશ્કેરાઇ ગયા હતા અને નાયબ ઈજનેર ભરતસિંહ તથા તેમના સહ કર્મચારીઓને અપશબ્દો બોલ્યા હતા.

જેથી ભરતસિંહ મકવાણાએ અપશબ્દો બોલવાની ના પાડતા જ મકાન માલિક સ્ત્રી તથા અન્ય બે પુરૂષોએ વીજ કંપનીના કર્મચારીઓ પર હુમલો કર્યો હતો અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે અંગે નાયબ ઈજનેર અને સ્ટાફે પ્રથમ સારવાર મેળવી મકાન માલિક સ્ત્રી અને અન્ય બે પુરૂષો વિરૂધ્ધ બુધવારે વિજયનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે સ્ત્રી તથા તેના બે સાથી પુરૂષો વિરૂધ્ધ સરકારી કાર્યવાહીમાં અવરોધ અને મારપીટ અંગેનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## હિંમતનગર મામલતદાર કચેરી દ્વારા વણઝારા વાસ પ્રાથમિક શાળામાં કેમ્પ યોજાયો

હિંમતનગર, તા. ૯

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર મામલતદાર કચેરી દ્વારા ગુરૂવારે વણઝારાવાસ પ્રાથમિક શાળામાં કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં અરજદારોને આવકના દાખલા, આધારકાર્ડ સહિતના દસ્તાવેજો આપવામાં આવ્યા હતા.

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦ અને ૧૨ નું પરિણામ જાહેર થયા બાદ વિદ્યાથીઓ અન્ય શાળામાં તથા કોલેજોમાં અભ્યાસ માટે આવતા વિદ્યાથીઓને આવકના દાખલા, ઈબીસી સટીફીકેટ, આધારકાર્ડ સહિતના જરૂરી દસ્તાવેજો મળી રહે તે માટે હિંમતનગરના મામલતદાર એ.એ.ડોડીયા દ્વારા ગુરૂવારે વણઝારાવાસ પ્રાથમિક શાળામાં કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતું.

## ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની કારોબારી સમિતિના સભ્ય તરીકે વરણી

સાબરકાંઠા જિલ્લાના રાવોલ ગામના વતની અને સરકારી હોમીયોપેથીક મેડીકલ કોલેજ દેથલીમાં ઈન્ચાર્જ પ્રિન્સીપાલ તરીકે જવાબદારી સંભાળી રહેલા ડૉ. પિનાકીન એન. ત્રિવેદીની તાજેતરમાં હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં કારોબારી સમિતિના સભ્ય (સરકારી પ્રતિનિધિ) તરીકે નિમણુક કરવામાં આવી છે.

ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં ફેકલ્ટી ઓફ મેડિસનના ડીન તથા સેન્ટ્રલ હોમીયોપેથીક કાઉન્સીલમાં મેમ્બર સહિત અનેક સામાજિક સંસ્થા સાથે સંકળાયેલ ડૉ. પિનાકીન એન. ત્રિવેદી પ્રશંસનીય કામગીરી કરી રહ્યા છે.




## ભિલોડામાં ‘આપ’ પાર્ટીનું સંમેલન યોજાયું

અરવલ્લી જીલ્લાના ભિલોડામાં રાધા-કુંજ હોલમાં સાબરકાંઠા,અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં આમ આદમી પાર્ટીના સંગઠનને વધુમાં વધુ મજબુત બનાવવા સંદર્ભે કાર્યકર્તા સંમેલન યોજાયું હતું. આ પ્રસંગે દિલ્હીના ધારાસભ્ય,ગુજરાત પ્રદેશ આમ આદમી પાર્ટીના પ્રભારી ગુલાબસિંહજી, દલીપભાઈ,ગુજરાત પ્રદેશ આમ આદમી પાર્ટી પ્રમુખ, ડૉ.કનુભાઈ કલસરીયા, આમ આદમી પાર્ટી સાબરકાંઠા જીલ્લા પ્રમુખ કરશનભાઈ પટેલ, આમ આદમી પાર્ટી અરવલ્લી જીલ્લા પ્રમુખ ડી.બી.ડામોર સહિત આમ આદમીના પાર્ટીના હોદ્દેદારો, કાર્યકરો, સાબરકાંઠા, અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાંથી મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આમ આદમી પાર્ટીના હોદ્દેદારોએ પ્રાસંગીક પ્રવચનમાં જણાવ્યું હતુ કે, ભ્રષ્ટ્રાચાર હટાવો, મોઘવારી ઘટાડો, ખેડુતોની સમસ્યાઓ હલ કરવા સંદર્ભે વિશેષ ભાર મુક્યો હતો. ભ્રષ્ટ્રાચાર, મોઘવારી મુક્ત ભારત બને તેવા સાચા સ્વરાજ માટે, દેશ બચાવવા, દેશના ઉજ્વળ ભાવિ માટે આમ આદમી પાર્ટીમાં જોડાવા હાકલ કરાઈ હતી.

## ચિઠોડાના બંધ મકાનને નુકશાન પહોંચાડી ચોરી કરતા ફરિયાદ

સાબરકાંઠા જીલ્લાના વિજયનગર તાલુકાના ચિઠોડા ગામે રહેતા બાબુભાઇ સોમાભાઇ રેંટીયાના મકાનમાં ગત સોમવારે અજાણ્યા શખ્સોએ પ્રવેશ કરી રૂા.૧ હજારથી વધુની ચીજવસ્તુઓની ચોરી કરી લોખંડના તથા સાગના મળી રૂા.૧૪ હજારના દરવાજાને નુકશાન પહોંચાડયુ હતું. જે અંગે બાબુભાઇ રેંટીયાએ મંગળવારે ચિઠોડા પોલીસ સ્ટેશનમાં અજાણ્યા શખ્સો વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી.

## કંજેલી કંપામાંથી ડ્રીપ પાઈપો ચોરાઇ

સાબરકાંઠા જીલ્લાના વડાલી તાલુકાના કંજેલી કંપાની સીમમાં આવેલ એક ખેતરના શેઢા પર મુકેલ ૬૧,૧૦૦ની કિંમતની ટપકની પાઈપો મંગળવારે રાત્રે અજાણ્યા શખ્સો ચોરી કરીને લઇ જતા તે અંગેની ફરિયાદ બુધવારે વડાલી પોલીસ સ્ટેશનમાં નોંધાવાઇ હતી. કંજેલી કંપામાં રહેતા કિર્તિકુમાર ગોરધનભાઇ પટેલના ટ્રેકટરવાળા ખેતરના શેઢા પર ટપક સિંચાઇ માટે વપરાતી પાઈપના અંદાજે રૂા.૬૧ની કિંમતના ૧ ઉરોલ અજાણ્યા શખ્સો ચોરી કરીને લઇ ગયા હતા. કિર્તિકુમાર પટેલે બુધવારે અજાણ્યા શખ્સો વિરૂધ્ધ વડાલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.



## પેથાપુર, કડોલી અને કાનડા મોટાવાસ પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવ ઉજવાયો

હિંમતનગર તાલુકાની પેથાપુર, કડોલી અને ઈલોલ પાસેના કાનડા ગામે આવેલ મોટાવાસ પ્રાથમિક શાળામાં ગુરૂવારે શાળા પ્રવેશોત્સવનો કાર્યક્રમ ઉજવાયો હતો. જે અંતર્ગત પેથાપુર અને કડોલી ગામે ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડાની ઉપસ્થિતિમાં ૧૫થી વધુ બાળકોને ધોરણ-૧ માં પ્રવેશ આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે ધારાસભ્યએ જણાવ્યુ હતું કે બાળકોના ભવિષ્ય માટે પાયાનું શિક્ષણ મજબુત બને તે જરૂરી છે અને તેના માટે શિક્ષકોએ પણ કૃષ્ણની ભૂમિકા ભજવવી પડશે. શાળા પ્રવેશોત્સવ દરમિયાન ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડાએ બાળકો સાથે ભોજન લીધુ હતું.

# હિંમતનગરની મેડીસ્ટાર હોસ્પિટલમાં આગ લાગતા દોડધામ

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગરની સહકારીજીન રોડ વિસ્તારમાં આવેલી મેડીસ્ટાર હોસ્પિટલના ઓપરેશન થિયેટરમાં બુધવારે સાંજના સુમારે અચાનક આકસ્મિક કારણોસર આગ લાગવાની ઘટનાથી દોડધામ મચી ગઈ હતી. હિંમતનગર ફાયર બ્રિગેડના જવાનોએ પાણીનો મારો ચલાવીને આગને કાબુમાં લીધી હતી. જોકે સદનસીબે કોઇ જાનહાનિ થઇ ન હોવાનું સૂત્રોએ જણાવ્યુ છે.

હિંમતનગરના સહકારીજીન રોડ વિસ્તારમાં આવેલી મેડીસ્ટાર હોસ્પિટલમાં બુધવારે ઓપરેશન થિયેટરમાં અચાનક આગ લાગવાની ઘટનાથી દોડધામ મચી હતી. આ અંગે ડીઝાસ્ટર વિભાગના અધિકારી કનુભાઈ પટેલે જણાવ્યુ હતું કે બુધવારે મેડીસ્ટાર હોસ્પિટલના ઓપરેશન થિયેટરમાં આકસ્મિક કારણોસર આગ લાગી હતી. આગને કાબુમાં લેવા માટે હિંમતનગર ફાયર બ્રિગેડના ફાયર ઓફિસર પ્રતાપસિંહ દેવડાની રાહબરી હેઠળ જવાનોએ જઇને ભારે જહેમત ઉઠાવી આગને કાબુમાં લીધી હતી. જોકે ઈડર, પ્રાંતિજ ફાયર બ્રિગેડને પણ આગ બુઝાવવા બોલાવાયા હતા. સમય સૂચકતા વાપરીને ફાયર બ્રિગેડના જવાનોએ આગ પર કાબુ મેળવી લેતા કોઇ જાનહાનિ થઇ ન હોવાનું જણાવ્યુ છે. મેડીસ્ટાર હોસ્પિટલમાં આગ લાગવાના અવારનવાર બનતા બનાવો અંગે તંત્ર દ્વારા તપાસ કરવામાં આવે તેવી માંગ આસપાસના રહીશોમાં ઉઠી છે.







યાત્રાધામ અંબાજી ખાતે આજે સમસ્ત હિન્દુ આદીવાસી ડુંગરી ગરાસીયા સમાજ સુધારણા સમીતી દ્વારા સૌ પ્રથમ અને ઐતીહાસીક સમુહ લગ્નોત્સવ નું આયોજન કરવામાં આવ્યુ હતુ. જોકે આ લગ્નત્સવ પાછળ નો ઈતિહાસ કાંઇક અલગ જ છે. જોઈએ એક ખાસ અહેવાલ...અંબાજી દાંતા અને અમીરગઢ વિસ્તાર માં વસતાં ડુંગરી ગરાસીયા આદીવાસી સમાજ માં સૌ પ્રથમ વખત ઐતીહાસીક એક સમુહ લગ્નોત્સવ અંબાજી ખાતે યોજવામાં આવ્યો હતો. જેને લઈ આદીવાસી સમાજ માં એક અનેરો અલગ જ ઉત્સાહ જોવા મળતો હતો. જોકે આ લગ્નત્સવ પ્રથમ ૧૧ યુગલો થી શરૂઆત કરવામાં આવી છે. અને આ ૧૧ યુગલો નો એક ભવ્ય વરઘોડો અંબાજી માં નિકાળવામાં આવ્યો હતો. જેમાં પુર્વ રજવાડા નાં રાજવીઓ પણ જોડાયા હતા. જોકે આ લગ્નોત્સવ સંપુર્ણ પણે હિન્દુ ગ્નાતી પ્રમાણે ને સાસ્ત્રોક્ત વિધિ થી લગ્ન વીધી કરાઇ હતી. જોકે આ સંપુર્ણ લગ્નોત્સવ આદીવાસી સમાજ ને સંગઠીત કરવાં ને સમાજ માં ખોટા ખર્ચા બચાવવાનો પ્રસંગ હોઈ શકે પણ આદીવાસી સમાજ માં આજ નાં પ્રસંગ ને થોડુ અલગ સ્વરૂપે માની રહ્યા છીએ. માનવામાં આવે છે કે અંબાજી દાંતા પંથક નાં જંગલો માં વસતા આદીવાસી લોકો માં વટાળ પ્રવૃતી વધી રહી હોવાનું ને કેટલીક મિશનરીયો દ્વાર આદીવાસી લોકો ને ધર્મપરીવર્તન કરાવતાં હોવાની હિલચાલ નાં પગલેં પણ આ લગ્નોત્સવ નું આયોજન કરીને હિન્દુ આદીવાસી ને હિન્દુત્વ તરફ લગાવ રહે તે માટે આ આયોજન કરવામાં આવ્યુ હોવાનું આદીવાસી અગ્રણીઓ જણાવી રહ્યા છે ને હાલ માં ૧૧ યુગલો થી શરૂ થયેલાં આ પ્રસંગ આવનારા સમય માં ૧૦૦ ને ૧૫૧ યુગલો ને સમુહ લગ્નત્સવ માં જોતરી ને હિન્દુત્વ ને ટકાવી રાખવાનાં પ્રયાસો હાથ ધરાવવામાં આવશે.